NATIONAL
DAIRY
DEVELOPMENT
BOARD

# પશુઓમાં મહત્વની બિમારીઓ માટે પારંપરિક પશુચિકિત્સા પદ્ધતિઓ













TDU
INSTITUTE OF TRANSDISCIPLINARY
HEALTH SCIENCES & TECHNOLOGY

# આઉનો નો સોજો (મસ્ટાઈટીસ) - બધા જ પ્રકારના



કુવારપાઠું





હળદર



લીંબુ



ચૂનો

## પાણી આધારિત તૈયારી

**સામગ્રીઃ** એક દિવસ માટે

કુવારપાઠું (એક આખું પાન) : 250 ગ્રામ; હળદર : 50 ગ્રામ; ચૂનોઃ 15 ગ્રામ; લીંબુઃ 6 નંગ

**બનાવવાની રીતઃ**

(1) કુવારપાઠુંના પાનના નાના ટુકડા કરી દો(કાંટા કાઢ્યા પછી).

(2) સાથે હળદર અને ચૂનો નાખીને દળીને લાલ રંગની પેસ્ટ બનાવી દો.

**ઉપયોગ કરવાની રીતઃ**

(1) આખા આઉને ધોઈને સાફ કરો અને દોહન કરીને આઉને સુકું કરી દો. (2) એક મુઠ્ઠી પેસ્ટ લઈને એમાં 200 મિલી પાણી ઉમેરીને પાતળું મિશ્રણ બનાવી દો. (3) પાતળા કરેલ મિશ્રણને દિવસમાં 10 વાર એમ 5 દિવસ સુધી આખા બાવલા પર લગાવો. દર વખતે પ્રથમ પગલું અનુસરવું. (4) દિવસમાં 3 વાર એકસાથે બે લીંબુ (બે ભાગમાં કાપેલા) 3 દિવસ સુધી ખવડાવો.

યૂ ટૂબ પર વિડિયો જોવા માટે આ ક્યુઆર કોડ સ્કેન કરો.

# આઉનો નો સોજો (મસ્ટાઈટીસ) - બધા જ પ્રકારના



કુવારપાઠું





સરસવ અથવા તલનું તેલ



લીંબુ



ચૂનો



હળદર

## <u>તેલ આધારિત તૈયારી</u>

**સામગ્રીઃ** એક દિવસ માટે

કુવારપાઠું (એક આખું પાન): 250 ગ્રામ; હળદરઃ 50 ગ્રામ; ચૂનોઃ 15 ગ્રામ; લીંબુ:6 નંગ; સરસવ અથવા તલનું તેલઃ 600 મીલી

**બનાવવાની રીતઃ**

(1) કુવારપાઠુંના પાનના નાના ટુકડા કરી દો (કાંટા કાઢ્યા પછી).

(2) સાથે હળદર અને ચૂનો નાખીને દળીને લાલ રંગની પેસ્ટ બનાવી દો.

**ઉપયોગ કરવાની રીતઃ**

(1) આખા આઉને ધોઈને સાફ કરો અને દોહન કરીને આઉને સુકું કરી દો. (2)એક મુઠ્ઠી પેસ્ટ લઈને એમાં 200 મિલી સરસવ અથવા તલનું તેલ ઉમેરીને પાતળું મિશ્રણ બનાવી દો.(3) પાતળા કરેલ મિશ્રણને દિવસમાં 3 વાર એમ 5 દિવસ સુધી આખા બાવલા પર લગાવો. દર વખતે પ્રથમ પગલું અનુસરવું. (4) દિવસમાં 3 વાર એકસાથે બે લીંબુ (બે ભાગમાં કાપેલા) 3 દિવસ સુધી ખવડાવો.

યૂ ટૂબ પર વિડિયો જોવા માટે આ ક્યુઆર કોડ સ્કેન કરો.

# આંચળ બ્લોક થઈ જવું/ કણી પડવી



લીમડાના પાંદડાની સળી





હળદર



માખણ

અથવા



ઘી

**સામગ્રીઃ**

લીમડા ના પાંદડાની એક તાજી સળી; હળદર; માખણ અથવા ઘી

**બનાવવાની રીતઃ**

(1) આંચળની લંબાઈ પ્રમાણે લીમડા ના પાંદડાની સળી કાપી લો (પાતળા ભાગ તરફ થી).

(2) સળી ઉપર હળદર અને માખણ/ઘી નો મલમ બનાવીને લગાવો.

(3) અસરગ્રસ્ત આંચળના છિદ્રને બરાબર સાફ કરો.

**ઉપયોગ કરવાની રીતઃ**

(1) મલમ લગાવેલી સળી ને ઘડિયાળ ના કાંટાની ઉંધી દિશામાં ફેરવીને અસરગ્રસ્ત આંચળમાં જવા દો (જાડો ભાગ બહાર રહે તે રીતે). (2) દરેક દોહન પૂરું થયા પછી નવી સળી બનાવીને આંચળમાં જવા દો.

યૂ ટૂબ પર વિડિયો જોવા માટે આ ક્યુઆર કોડ સ્કેન કરો.

# આરહો / આઉમાં પાણી ભરાઈ જવું



તલ/સરસવનું તેલ





હળદર



લસણ

**સામગ્રીઃ** એક વખત ઉપયોગ માટે

તલ/સરસવનું તેલઃ 200 મિલી; હળદરઃ 1 મુઠ્ઠી; લસણઃ 2 કળી

**બનાવવાની રીતઃ**

(1) તેલ ગરમ કરો અને તેમાં હળદર અને લસણના ટુકડા નાખો.

(2) બરાબર મિક્ષ કરો અને સુગંધ આવે ત્યારે ગેસ/સ્ટવ પરથી ઉતારી લો (ઉકાળવાની જરૂર નથી).

(3) મિશ્રણ ને ઠંડુ થવા દો.

**ઉપયોગ કરવાની રીતઃ**

(1) જ્યાં પાણી ભરાયું છે ત્યાં અને આખા બાવલા પર મિશ્રણ ને ઘસીને લગાવો. (2) દરરોજ 4 વાર એમ 3 દિવસ સુધી લગાડવું.

**નોંધઃ** મિશ્રણ લગાવતાં પહેલા આઉનો નો સોજો (મસ્ટાઈટીસ) છે કે નહિ તે ચકાસી લો.

યૂ ટૂબ પર વિડિયો જોવા માટે આ ક્યુઆર કોડ સ્કેન કરો.

# મેલી / જેર ના પડવી



મૂળો





ભીંડા



ગોળ



મીઠું

**સામગ્રી :**

મૂળો : 1 આખો ; ભીંડા : 1.5 કિલો ; ગોળ : જરૂરિયાત પ્રમાણે ;
મીઠું : જરૂરિયાત પ્રમાણે

**બનાવવાની રીત :**

ભીંડાને 2 ભાગમાં કાપી દો.

**ઉપયોગ કરવાની રીતઃ**

(1) પ્રસવના 2 કલાકમાં એક આખો મૂળો ખવડાવો. (2) જો 8 કલાક સુધી મેલી/જેર ના પડે તો 1.5 કિલો ભીંડા ગોળ અને મીઠા સાથે ખવડાવો. (3) જો 12 કલાક સુધી મેલી/જેર ના પડે તો, મેલી/જેરને છેક ઉપરના ભાગેથી ગાંઠ મારીને 2 ઇંચ નીચેથી કાપી દો. ગાંઠ જાતે જ અંદર જતી રહેશે. (4) મેલી/જેર ને હાથથી કાઢશો નહીં (5) અઠવાડિયામાં દરરોજ એક મૂળો 4 અઠવાડિયા સુધી ખવડાવો.

યૂ ટૂબ પર વિડિયો જોવા માટે આ ક્યુઆર કોડ સ્કેન કરો.

# ઉથલા મારવા (ઠરવું નહિ)






મૂળો



કુંવારપાઠું



સાંધાવેલ



મીઠો લીમડો



મીઠું



સરગવો



ગોળ



હળદર

**ઉપયોગ કરવાની રીતઃ**

(1) ગરમી માં આવ્યાના પહેલા કે બીજા દિવસે આ સારવાર ચાલુ કરવી.

(2) નીચે બતાવેલ ક્રમ પ્રમાણે તાજી સામગ્રી પશુને ગોળ અને મીઠા સાથે દિવસમાં એકવાર ખવડાવવી :

(અ) 1 મૂળો 5 દિવસ સુધી.

(બ) 1 કુવારપાઠું નું પાન 4 દિવસ સુધી.

(ક) 4 મુઠ્ઠી સરગવાના પાન 4 દિવસ સુધી.

(ડ) 4 મુઠ્ઠી સાંધાવેલ 4 દિવસ સુધી.

(ઈ) 4 મુઠ્ઠી મીઠા લીમડાનાં ના પાન હળદર સાથે 4 દિવસ સુધી.

(ફ) જો પશુ ગાભણ ના થાય તો ઉપર પ્રમાણેની પ્રક્રિયા ફરી એકવાર કરો.

યૂ ટૂબ પર વિડિયો જોવા માટે આ ક્યુઆર કોડ સ્કેન કરો.

# માટી ખસી જવી/ગર્ભાશય બહાર આવવું




કુવારપાઠું ની જેલ / અર્ક





હળદર



લજામણી ના પાન

**સામગ્રી:**

કુવારપાઠું ની જેલ: એક આખા પાનની; હળદર: એક ચપટી; લજામણી ના પાન : 2 મુઠ્ઠી

**બનાવવાની રીત:**

(1) કુવારપાઠાના પાનની જેલ કાઢી લો. (2) જેલની ચીકાશ નીકળી ના જાય ત્યાં સુધી પાણીથી સાફ કરો. (3) હવે મિશ્રણ 1 લીટર થાય એટલું પાણી ઉમેરો. (4) 1 ચપટી હળદર નાખીને મિશ્રણ અડધું થઇ જાય ત્યાં સુધી ગરમ કરો અને ઠંડુ થવા દો. (5) લજામણીના પાનની પેસ્ટ અલગથી બનાવો.

**ઉપયોગ કરવાની રીત:**

(1) ખસી ગયેલી માટી (ગર્ભાશય) ને સાફ કરો. (2) ઠંડુ થયેલ મિશ્રણ ને બહાર નીકળેલ ગર્ભાશય પર છાંટો. (3) મિશ્રણ સુકાઈ જાય પછી લજામણીના પાનની પેસ્ટ લગાવો. (4) સ્થિતિ ઠીક ના થાય ત્યાં સુધી શક્ય તેટલી વારંવાર આ પ્રક્રિયા કરો.

યૂ ટૂબ પર વિડિયો જોવા માટે આ ક્યુઆર કોડ સ્કેન કરો.

# ખરવા-મોવાસો-મોઢાનાં છાલા



જીરું





કાળા મરી



લસણ



ગોળ



હળદર



મેથી



નાળિયેર

**સામગ્રીઃ** એક વખત ઉપયોગ માટે

જીરું :10 ગ્રામ; મેથી : 10 ગ્રામ; કાળા મરી : 10 ગ્રામ; હળદરઃ 10 ગ્રામ; લસણઃ 4 કળી; નાળિયેરઃ 1; ગોળઃ 120 ગ્રામ

## બનાવવાની રીતઃ

(1) જીરું, મેથી અને કાળા મરીને પાણીમાં 20-30 મિનીટ પલાળી રાખો. (2) બધી સામગ્રીને મીક્ષર માં મિક્ષ કરીને પેસ્ટ બનાવો. (3) પેસ્ટમાં એક આખું છીણેલું નાળિયેર નાખી હાથથી બરાબર મિક્ષ કરો. (4) દરેક વખતે આ પેસ્ટ નવી બનાવો.

## ઉપયોગ કરવાની રીતઃ

(1) પેસ્ટને મોઢામાં, જીભ અને તાળવા પર લગાવો.

(2) આ પેસ્ટ દિવસમાં 3 વાર એમ 3-5 દિવસ લગાવો.


યૂ ટૂબ પર વિડિયો જોવા માટે આ ક્યુઆર કોડ સ્કેન કરો.

# ખરવા-મોવાસો -ખરીમાં છાલા/ચાંદા



વાંછીકાંટો/દદણોના પાન





લીમડાના પાન




લસણ



હળદર





નાળીયેરનું તેલ અથવા તલનું તેલ



મેહંદીનાં પાન



તુલસીના પાન



સીતાફળના પાન

## સામગ્રીઃ

વાંછીકાંટો/ દદણો ના પાન : 1 મુઠ્ઠી; લસણઃ 10 કળી; લીમડાનાં પાનઃ 1 મુઠ્ઠી; નાળીયેર/તલનું તેલ : 500 મિલી; હળદરઃ 20 ગ્રામ; મેહંદી નાં પાનઃ 1 મુઠ્ઠી; તુલસીના પાનઃ 1 મુઠ્ઠી

## બનાવવાની રીતઃ

(1) બધી સામગ્રીને મીક્ષરમાં મિક્ષ કરો. (2) મિશ્રણ માં 500 મિલી નાળીયેર/તલનું તેલ ઉમેરીને ગરમ કરીને ઠંડુ થવા દો.

## ઉપયોગ કરવાની રીતઃ

(1) ઘા સાફ કરીને મિશ્રણ સીધું જ ઘા પર લગાવો અથવા મિશ્રણ માં સ્વચ્છ કપડું પલાળીને પાટો બાંધી દો. (2) જો ઘામાં કીડા પડી ગયા હોય તો પહેલા દિવસે જ સીતાફળના પાનની પેસ્ટ અથવા નારિયેળનાં તેલમાં કપૂર મિક્ષ કરીને ઘા પર લગાવો.

યૂ ટૂબ પર વિડિયો જોવા માટે આ ક્યુઆર કોડ સ્કેન કરો.

# તાવ




**સામગ્રીઃ** એક દિવસ માટે

લસણઃ 2 કળી ; ધાણાઃ 10 ગ્રામ; જીરુંઃ 10 ગ્રામ; ડમરાના પાન : 1 મુઠ્ઠી; તજના સુકા પાનઃ 10 ગ્રામ; કાળા મરીઃ 10 ગ્રામ; નાગરવેલ નાં પાનઃ 5નંગ; નાની ડુંગળીઃ 2 નંગ; હળદરઃ 10 ગ્રામ; કરિયાતું પાવડરઃ 20 ગ્રામ; તુલસીના પાનઃ 1 મુઠ્ઠી; લીમડાનાં પાનઃ 1 મુઠ્ઠી; ગોળઃ 100 ગ્રામ

**બનાવવાની રીતઃ**

(1) જીરું,કાળા મરી અને ધાણા ને પાણીમાં 15 મિનીટ પલાળી રાખો.

(2) બધી સામગ્રીને મીક્ષર માં મિક્ષ કરીને પેસ્ટ બનાવો.

**ઉપયોગ કરવાની રીતઃ**

થોડી થોડી માત્રામાં સવારે અને સાંજે ખવડાવો.

યૂ ટૂબ પર વિડિયો જોવા માટે આ ક્યુઆર કોડ સ્કેન કરો.

# ઝાડા


સુકી મેથીના દાણા





મરી


ડુંગળી


ખસ ખસ


જીરું


હળદર


લસણ


મીઠા લીમડાના પાન


ગોળ


હિંગ

**સામગ્રીઃ** એક દિવસ માટે

મેથીના દાણા : 10 ગ્રામ; ડુંગળી : 1 નંગ; લસણ :1 કળી; જીરું : 10 ગ્રામ; હળદર : 10 ગ્રામ; મીઠા લીમડાનાં પાન : 1 મુઠ્ઠી; ખસ ખસ : 5 ગ્રામ; મરી : 10 ગ્રામ; ગોળ : 100 ગ્રામ; હિંગ : 5 ગ્રામ

**બનાવવાની રીતઃ**

(1) જીરું, હિંગ, ખસ ખસ અને મેથીને સુગંધ આવે ત્યાં સુધી શેકો. (2) મિશ્રણને ઠંડુ કરીને પાવડર બનાવી દો. (3) પાવડરને બીજી સામગ્રી સાથે દળીને પેસ્ટ બનાવી દો.

**ઉપયોગ કરવાની રીતઃ**

(1) પેસ્ટના નાના લાડવા બનાવી દો. (2) લાડવાને દરરોજ એકવાર એમ 1-3 દિવસ સુધી ખવડાવો.

યૂ ટૂબ પર વિડિયો જોવા માટે આ ક્યુઆર કોડ સ્કેન કરો.

# આફરો / અપચો




**સામગ્રીઃ** એક દિવસ માટે

ડુંગળી : 100 ગ્રામ; લસણ : 10 કળી; સૂકાં મરચાં : 2 નંગ; જીરું : 10 ગ્રામ; હળદર : 10 ગ્રામ; ગોળ : 100 ગ્રામ; મરી : 10 ગ્રામ; નાગરવેલ ના પાન : 10 નંગ; આદુ : 100 ગ્રામ

**બનાવવાની રીત :**

(1) મરી અને જીરૂ ને પાણી માં 30 મિનીટ પલાળી રાખો. (2) બધી સામગ્રીને દળીને પેસ્ટ બનાવી દો.

**ઉપયોગ કરવાની રીત :**

(1) પેસ્ટના નાના લાડવા બનાવી દો. (2) લાડવાને મીઠા સાથે દિવસમાં 3-4 વાર એમ 3 દિવસ સુધી ખવડાવો.

યૂ ટૂબ પર વિડિયો જોવા માટે આ ક્યુઆર કોડ સ્કેન કરો.

# કરમિયા/કૃમિ






ડુંગળી



મરી




લસણ



હળદર



રાઈ




લીમડાનાં પાન




જીરું




ગોળ



કેળનું થડ/પ્રકાંડ



કુબાનાં પાન



કારેલું

**સામગ્રીઃ** એક દિવસ માટે

ડુંગળી : 1 નંગ; લસણ :5 કળી; રાઈ : 10 ગ્રામ; લીમડાનાં પાન : 1 મુઠ્ઠી; જીરું : 10 ગ્રામ; કારેલા : 50 ગ્રામ; હળદર : 5 ગ્રામ; મરી : 5 ગ્રામ; કેળનું પ્રકાંડ- 100 ગ્રામ; કુબાનાં પાન : 1 મુઠ્ઠી; ગોળ : 100 ગ્રામ

**બનાવવાની રીતઃ**

(1) મરી, જીરું અને રાઈને 30 મિનીટ સુધી પાણીમાં પલાળી રાખો.

(2) બધી સામગ્રીને દળીને પેસ્ટ બનાવી લો.

**ઉપયોગ કરવાની રીતઃ**

(1) પેસ્ટના નાના લાડવા બનાવી લો. (2) આ લાડવાને મીઠા સાથે દરરોજ એકવાર 3 દિવસ સુધી ખવડાવો.

યૂ ટૂબ પર વિડિયો જોવા માટે આ ક્યુઆર કોડ સ્કેન કરો.

# કથીરી / ઈતરડી




**સામગ્રીઃ**

લસણઃ 10 કળી; લીમડાનાં પાનઃ 1 મુઠ્ઠી; લીમડાનાં ફળ (લીંબોળી): 1 મુઠ્ઠી; વચ્છાનાં મૂળઃ 10 ગ્રામ; હળદરઃ 20 ગ્રામ; ગન્ધારું (રૂખડી) નાં પાનઃ 1 મુઠ્ઠી; તુલસીના પાનઃ 1 મુઠ્ઠી

**બનાવવાની રીતઃ**

(1) બધી સામગ્રીને મીક્ષરમાં મિક્ષ કરો. (2) મિશ્રણમાં 1 લીટર ચોખ્ખું પાણી ઉમેરો. (3) હવે મિશ્રણને ગળણીથી ગાળી લો. (4) ગાળેલ પાણીને એક સ્પ્રે થાય એવી બોટલમાં ભરી લો.

**ઉપયોગ કરવાની રીતઃ**

(1) પશુનાં આખા શરીર પર ગાળેલ પાણીનો છંટકાવ કરો. (2) આ છંટકાવ પશુનાં વાડામાં અને દીવાલની તિરાડોમાં પણ છાંટો. (3) એક ચોખ્ખા કપડાને આ પાણીમાં ભીનું કરીને પણ પશુ પર લગાવી શકાય છે. (4) જ્યાં સુધી કથીરી જતી નાં રહે ત્યાં સુધી અઠવાડિયામાં એક વાર લગાવો. (5) આ પક્રિયા દિવસ દરમિયાન જ કરો.

યૂ ટૂબ પર વિડિયો જોવા માટે આ ક્યુઆર કોડ સ્કેન કરો.

# પોક્સ/મસા/આંચળમાં વાઢીયા



લસણ





માખણ




હળદર



લીમડો



જીરું



ડમરો

### સામગ્રીઃ

લસણઃ 5 કળી; હળદરઃ 10 ગ્રામ; જીરુંઃ 15 ગ્રામ; ડમરાના પાનઃ 1 મુઠ્ઠી; લીમડાના પાનઃ 1 મુઠ્ઠી; માખણ અથવા ઘીઃ 50 ગ્રામ

### બનાવવાની રીતઃ

(1) જીરાને પાણીમાં 15 મિનીટ પલાળો. (2) બધી સામગ્રીને મીક્ષરમાં મિક્સ કરીને પેસ્ટ બનાવો. (3) માખણ/ઘી ઉમેરીને બરાબર મિક્ષ કરો.

### ઉપયોગ કરવાની રીતઃ

(1) લેપને પોક્સ / મસા /વાઢીયા મટી ના જાય ત્યાં સુધી શક્ય હોય એટલી વાર અસરગ્રસ્ત ભાગ પર લગાવો. (2) અસરગ્રસ્ત ભાગ સુકો કર્યા પછી જ લેપ લગાવવો.

યૂ ટૂબ પર વિડિયો જોવા માટે આ ક્યુઆર કોડ સ્કેન કરો.

# એલર્જી/ ઝેરની અસર/ ઝેરી ડંખ





નાગરવેલ ના પાન



મીઠું



કાળા મરી



ગોળ

**સામગ્રીઃ** એક વખત ઉપયોગ માટે

નાગરવેલ ના પાન - 10 નંગ; કાળા મરી- 10 ગ્રામ; મીઠું- 10 ગ્રામ; ગોળ : જરૂરિયાત પ્રમાણ

**બનાવવાની રીતઃ**

(1) બધી સામગ્રીને દળીને પેસ્ટ બનાવો. (2) જરૂરિયાત મુજબ ગોળ નાખીને પેસ્ટમાં મિક્ષ કરો.

**ઉપયોગ કરવાની રીતઃ**

(1) બનાવેલ પેસ્ટને નાના નાના ભાગમાં પશુને ખવડાવો.

(2) 2 અઠવાડિયા સુધી દરરોજ 3 વખત તાજી પેસ્ટ બનાવીને પશુને ખવડાવો.

**નોંધઃ** વૈકલ્પિક રીતે ગંભીર સ્થિતિમાં બનાવેલ પેસ્ટના (ગોળ વિના) 2-3 ટીપા દર કલાકે આંખમાં નાખી શકાય છે.

યૂ ટૂબ પર વિડિયો જોવા માટે આ ક્યુઆર કોડ સ્કેન કરો.

# હાઈગ્રોમા (સાંધામાં સોજો)



કુવારપાઠું






લસણ



ચૂનો



તલનું તેલ



સાંધાવેલ (હાડજોડ)



હળદર

**સામગ્રીઃ**

કુવારપાઠુંઃ100 ગ્રામ; ચૂનોઃ10 ગ્રામ; સાંધાવેલ (હાડજોડ) નું પ્રકાંડઃ 100 ગ્રામ; હળદરઃ15 ગ્રામ; લસણઃ5 કળી; તલનું તેલ - 1 લીટર

**બનાવવાની રીતઃ**


(1) બધી સામગ્રીને દળીને પેસ્ટ બનાવો. (2) 1 લીટર તલના તેલમાં પેસ્ટને ઉકાળો અને ઠંડુ પડવા દો.

**ઉપયોગ કરવાની રીતઃ**

(1) દિવસમાં 4 થી 5 વાર અસરગ્રસ્ત ભાગ પર લગાવો. (2) દિવસમાં બે વાર ગરમ પાણીથી શેક કરો.

યૂ ટૂબ પર વિડિયો જોવા માટે આ ક્યુઆર કોડ સ્કેન કરો.

# ઉધરસ



અરડુસી





કાળા મરી



તુલસી



લસણ



હળદર



ગોળ

**સામગ્રીઃ** એક દિવસ માટે

અરડૂસીઃ 1 પાન; તુલસીના પાનઃ 1 મુઠ્ઠી; લસણઃ 5 કળી; હળદરઃ 10 ગ્રામ; કાળા મરીઃ 10 ગ્રામ; ગોળ - જરૂરિયાત પ્રમાણે

**બનાવવાની રીતઃ**

(1) કાળા મરીને 15-20 મિનીટ પાણીમાં પલાળીને અલગથી દળી નાખો. (2) હવે બધી જ સામગ્રીમાં ગોળ નાખીને દળીને પેસ્ટ બનાવી દો.

**ઉપયોગ કરવાની રીતઃ**

સ્થિતિ ઠીક ના થાય ત્યાં સુધી દરરોજ બે થી ત્રણ વખત પશુને ખવડાવો.

યૂ ટૂબ પર વિડિયો જોવા માટે આ ક્યુઆર કોડ સ્કેન કરો.

# પશુનું બેસી જવું/ ઊભું ના થઈ શકવું



દેશી મરઘીના ઈંડા





સાંધાવેલ (હાડજોડ)



સરગવાના પાન



ગોળ

**સામગ્રીઃ** એક વખત ઉપયોગ માટે

દેશી મરઘીના ઈંડાઃ2 નંગ; સરગવાના પાનઃ4 મુઠ્ઠી; સાંધાવેલ (હાડજોડ)ઃ4 મુઠ્ઠી; ગોળ : જરૂરિયાત પ્રમાણે

**બનાવવાની રીતઃ**

(1) તાજા કાચા ઈંડા લો. (2) સરગવાના પાન અને સાંધાવેલના પ્રકાંડને અલગથી દળીને જરૂરિયાત મુજબ ગોળ નાખી બંનેની અલગ પેસ્ટ બનાવી દો.

**ઉપયોગ કરવાની રીતઃ**

(1) એકસાથે બે ઈંડા(કાચલી સાથે) પશુને ખવડાવો. દિવસમાં ત્રણ વાર. (2) ઈંડા ખવડાવતા પહેલાં કાચલી પર એક નાનું કાણું પડી દો. (3) દર બે કલાકે વારાફરથી સરગવાની અને સાંધાવેલની પેસ્ટ ખવડાવો (4 મુઠ્ઠી એકવારમાં). (4) 4 દિવસ સુધી પશુને ઊભું કરવાનો પ્રયત્ન કરશો નહીં.

યૂ ટૂબ પર વિડિયો જોવા માટે આ ક્યુઆર કોડ સ્કેન કરો.

# જંતુનાશકનું ઝેર/ સાઈનાઈડ ઝેર/ માયકોટોક્ષીકોસીસ


નાગરવેલના પાન




સરગવાના પાનનો અર્ક


કાળા મરી


આમલી


મીઠું (આખુ)


ગોળ

**સામગ્રીઃ** એક દિવસ માટે
નાગરવેલના પાનઃ 10 નંગ; કાળા મરીઃ 10 ગ્રામ; મીઠું (આખુ)ઃ 10 ગ્રામ; આમલીઃ 1 કિલોગ્રામ; પાણીઃ 1 લીટર; 1 કિલો સરગવાના પાનનો અર્ક; ગોળ : જરૂરિયાત પ્રમાણે

**બનાવવાની રીતઃ**


**પેસ્ટ બનવાની તૈયારીઃ**
(1) નાગરવેલના પાન, કાળા મરી અને આખા મીઠાને દળીને પેસ્ટ બનાવી લો. (2) જરૂરિયાત મુજબ ગોળ સાથે મિક્ષ કરી દો.

**બીજી તૈયારીઃ** એક દિવસ માટે
(1) 15 મિનીટ માટે આમલીને પલાળી રાખો. (2) પલાળ્યા પછી આમલીમાંથી રસ કાઢી લો. (3) પછી પાણી, સરગવાનો અર્ક અને ગોળ ઉમેરો. (4) બરાબર મિક્ષ કરો.

**ઉપયોગ કરવાની રીતઃ**
(1) પહેલા નાગરવેલ, કાળામરી અને મીઠાની બનાવેલ પેસ્ટ ખવડાવો. (2) દર 2 કલાકે આમલી-સરગવો અને ગોળનું બનાવેલ મિશ્રણ 200 મિલી જેટલું પીવડાવો. (3) મિશ્રણ પીવડાવ્યા પછી ઉપર પ્રમાણે નાગરવેલ, કાળા મરી અને મીઠાની પેસ્ટ બનાવીને થોડી થોડી ખવડાવતા રહો.

યૂ ટૂબ પર વિડિયો જોવા માટે આ ક્યુઆર કોડ સ્કેન કરો.

# દૂધમાં લોહી આવવું



મીઠા લીમડાના પાન





ગોળ



સરગવાના પાન



લીંબુ

**સામગ્રી:** એક દિવસ માટે

મીઠા લીમડાના પાન:2 મુઠ્ઠી; સરગવાના પાન:2 મુઠ્ઠી; ગોળ:100 ગ્રામ; લીંબુ:6 નંગ

**બનાવવાની રીત:**

(1) મીઠા લીમડાના પાન અને સરગવાના પાનને ગોળ સાથે દળીને પેસ્ટ બનાવી લો. (2) લીંબુને 2 ભાગમાં કાપી દો.

**ઉપયોગ કરવાની રીત:**

(1) સ્થિતિ ઠીક ના થાય ત્યાં સુધી દિવસમાં 2 વાર પેસ્ટ ખવડાવો.

(2) દિવસમાં 3 વાર એકસાથે બે લીંબુ (બે ભાગમાં કાપેલા) 3 દિવસ સુધી ખવડાવો.

**નોંધ:** આ સાથે આઉના સોજા (મસ્ટાઇટીસ) માટેની પણ પારંપરિક સારવાર કરવી.

યૂ ટૂબ પર વિડિયો જોવા માટે આ ક્યુઆર કોડ સ્કેન કરો.

# ગરમીમાં ના આવવું




**ઉપયોગ કરવાની રીતઃ**

દિવસમાં 2 વાર ગોળ અને મીઠા સાથે નીચેના ક્રમ પ્રમાણે તાજું ખવડાવો.

(1) એક સફેદ મૂળો દિવસમાં 2 વાર એમ 5 દિવસ સુધી

(2) એક કુવારપાઠું નું પાન દિવસમાં 2 વાર એમ 4 દિવસ સુધી

(3) 4 મુઠ્ઠી સરગવાના પાન દિવસમાં 2 વાર એમ 4 દિવસ સુધી

(4) 4 મુઠ્ઠી સાંધાવેલ દિવસમાં 2 વાર એમ 4 દિવસ સુધી

(5) 4 મુઠ્ઠી મીઠા લીમડાના પાન 5 ગ્રામ હળદર સાથે દિવસમાં 2 વાર એમ 4 દિવસ સુધી

**નોંધઃ** આ સારવાર ચાલુ કરવાના 15 દિવસ પહેલા પશુને કૃમિનાશની દવા આપી દેવી.

યૂ ટૂબ પર વિડિયો જોવા માટે આ ક્યુઆર કોડ સ્કેન કરો.



પ્રો. એન. પુનિયામુર્તીના માર્ગદર્શન પ્રમાણે (profpunniya@gmail.com)
વધારે માહિતી માટે સંપર્ક કરો: anand@nddb.coop

**રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડ, આણંદ**

ફોનઃ 02692-260148, 260149 • ફેક્સ: 02692-260157

વેબ સાઈટઃ www.nddb.coop

*facebook.com/NationalDairyDevelopmentBoard*

November, 2021

**અહીં ઉલ્લેખિત સામાન્ય છોડ, મસાલા અને અન્ય સામગ્રી સામાન્ય રીતે સલામત અને ફક્ત સૂચક છે. રોગના યોગ્ય નિદાન અને સંચાલન માટે નજીકના પશુચિકિત્સકની સલાહ લઈ શકાય છે.**